**વડોદરા જીલ્લાની મજુર અદાલતના પ્રમુખ અધીકારીશ્રી સમક્ષ.**

**રેફરન્સ(એલસીવી) કેસ નંબરઃ- ૪૦૨/૧૪**

**આંક :- ૦૬**

**મેનેજર શ્રી,**

**જે.સી.ટી. ઇલેકટ્રોનીકસ લી.**

**ગામ – કંડારી, તા. કરજણ,**

**વડોદરા. ....પ્રથમ પક્ષકાર.**

**વિરુધ્ધ**

**શ્રમયોગી શ્રી સંજય તારકનાથે મીશ્રા,**

**C/o. પોષક કર્મચારી યુનીયન,**

**ભાથીજી મંદીર પાસે, જલારામ નગર,**

**વી.આઇ.પી.રોડ, કારેલીબાગ,**

**વડોદરા. ....બીજા પક્ષકાર.**

**પ્રથમ પક્ષકાર તરફે :- <u>ગેરહાજર.</u>**

**બીજા પક્ષકાર તરફે :- <u>વી.યુનીયન પ્રતીનીધી શ્રી પી.વી.બારૈયા.</u>**

## -:: એવોર્ડ ::-

૧) આ કામમાં બંને પક્ષકારો વચ્ચેના ઔધોગીક વીવાદ આઇ.ડી.એકટ ની કલમ – ૧૦(૧) સી હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરાના હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ/એમ.સી./વ/એ.જે./૨૫૫૭૯, તારીખ : ૩૦/૦૮/૨૦૧૪ થી બીજા પક્ષકાર શ્રમયોગી ને તેમના પડેલા દીવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત પ્રથમ પક્ષકાર સંસ્થા માં નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપીત કરવા કે કેમ ? તે મુદાના ન્યાય નીર્ણય અર્થે અત્રે રીફર કરવામાં આવેલ છે.

૨) પ્રથમ પક્ષકાર તરફે નોટીસ બજી જવા છતા હાજર થઇ સદર કામે જવાબ રજુ ન કરતા જે તે સમય ના પ્રીસાઇડીગ ઓફીસર શ્રી દ્વારા આંક – ૧ નીચે હુકમ કરી પ્રથમ પક્ષકાર નો જવાબ નો હકકબંધ કરેલા નુ રેકર્ડ જોતા જણાય આવે છે.

૩) રેકર્ડ જોતા સદરહુ રેફરન્સ સને - ૨૦૧૪ ની સાલનો છે. બીજા પક્ષકાર નાઓએ માગણાનુ નીવેદન આંક - ૫ થી રજુ કરેલ અને ત્યાર બાદ સદર કામે બીજા પક્ષકારના પુરાવા પર આવેલ ત્યારે બીજા પક્ષકાર ને તેનો સદર કામે પુરાવો રજુ કરવા સારુ પુરતી તકો આપવા છતા તેના તરફે કોઇ પુરાવો રજુ ન કરતા સદર કામ તારીખ -૨૫/૦૭/૧૮ ના રોજ આંક – ૧ નીચે હુકમ કરી બીજા પક્ષકાર ના પુરાવાનો હકકબંધ કરેલ અને ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે પણ કોઇ પુરાવો રજુ ન કરતા તેનો પણ પુરાવોનો હકકબંધ કરવામાં આવેલ છે.

૪) આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા સદર કામે બીજા પક્ષકાર ને પુરતી તકો આપવા છતા તેઓ કોર્ટ રુબરુ હાજર રહેલ તેના આંક – ૫ ના માંગણાના નીવેદન ની હકીકત ના સમર્થન માં કોઇ પણ પ્રકારનો સોગદઉપર પુરાવો રજુ કરેલ ન હોય જે જોતા એવી હકીકત ફલીત થાય છે કે બીજા પક્ષકાર શ્રમયોગી ને પોતાનો કેસ આગળ ચલાવવામાં કોઇ પણ પ્રકારનો રસ નથી આમ બીજા પક્ષકારની સતત ગેરહાજરી અને તેના તરફે કોઇ પણ પ્રકાર ના પુરાવા રજુ ન કરવાના અભાવે સદર કામે ન્યાય ના હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

***-:: હુકમ ::-***

**૧) સદરહુ રેફરન્સ બીજા પક્ષકાર/શ્રમયોગીના પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.**

**૨) ખર્ચે અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.**

**તારીખ :-૨૪/૧૦/૨૦૧૮**

**વડોદરા :-**

**(હાર્દીક દીલીપભાઇ રાજપુરા)**
**પ્રમુખ અધીકારી**
**મજુર અદાલત નંબર-૪**
**વડોદરા.**
**(CODE NO.GJ01291)**